**આંક :–૭/બી.**

દાખલ તારીખ :–૨૩–૦૯–૨૦૨૧
રજીસ્ટરે લીધાની તારીખ :–૨૩–૦૯–૨૦૨૧
નિકાલ તારીખ :–૩૦–૦૯–૨૦૨૧
સમય :– વ. મા. દિ.
૦૦ ૦૦ ૦૭

## કચ્છ જિલ્લાના સ્પેશીયલ(એન.ડી.પી.એસ.)જજશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.

ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૦૬૯/૨૦૨૧

**અક્ષય ઈશ્વરભાઈ સોલંકી,**
ઉ.વ.૧૯, ધંધો: પ્રા.નોકરી,
રહેવાસી–ગણેશનગર,
સ્વામિનારાયણ વિદ્યાલય પાછળ,
કચ્છ–ભુજ............................................................... અરજદાર.

## વિરૂઘ્ઘ

**શ્રી સરકાર,**
મારફતે પબ્લીક પ્રોસીકયુટર શ્રી,
કચ્છ–ભુજ............................................................... સામાવાળા.

**બાબત :–** ભુજ શહેર ''એ'' ડિવિઝન પોલીસ સ્ટેશન એ.ક્રમાંક ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૧૧૫૫૫/૨૦૨૧,એન.ડી.પી.એસ.એકટની કલમ–૮(સી),૨૦(બી),૨૯ મુજબના ગુન્હા કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ગેલેક્ષી એ–૩૨ પરત મળવા માટેની અરજી.

**અરજદાર તરફે : વિ.વકીલ શ્રી એમ.એ.ખોજા.**
**સામાવાળા તરફે : વિ.એ.પી.પી. શ્રી ડી.જે.ઠકકર.**

## ઠરાવ

૧. અરજદારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ અન્વયે હાલની અરજી કરી ભુજ શહેર''એ''ડિવિઝન પોલીસ સ્ટેશન એ.ક્રમાંક ગુન્હા રજીસ્ટર

નં.૧૧૨૦૫૦૪૨૨૧૧૫૫૫/૨૦૨૧,એન.ડી.પી.એસ.એક્ટની કલમ–૮(સી),૨૦(બી), ૨૯ મુજબનાં ગુન્હા કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મોડલ ગેલેક્ષી એ–૩૨ પરત મેળવવા સદર અરજી કરેલ છે.

૨. અરજદારે તેમની અરજીનાં સમર્થનમાં માર્કઃ૩/૧ થી એફ.આઈ. આર.ની નકલ, માર્ક ૩/૨ થી મુદામાલ મોબાઈલ ફોન ખરીદ કર્યા અંગેનાં બિલની નકલ તથા અરજદારનાં આધાર કાર્ડની નકલ તથા માર્ક ૩/૩ થી રજુ કરેલ છે.

૩. હાલની અરજીનાં કામે અરજદાર તરફે વિદ્વાન વ.શ્રી એમ.એ. ખોજાની એવી રજુઆત છે કે, સદર મોબાઈલ ફોન અરજદારની માલીકીનો છે. સદર મોબાઈલ ફોન અરજદારની જરૂરીયાતનું સાધન છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, સદર મોબાઈલ ફોન પો.સ્ટે.માં બિનવપરાશ પડી રહેશે તો તેમાં યાંત્રિક ખામીઓ ઉત્પન્ન થશે. વધુમાં હાલના કેસના ગુનાની તપાસ તેમજ ટ્રાયલની કાર્યવાહીમાં લાંબો સમય જાય તેમ છે, તેથી લાંબા સમય સુધી સદરહુ મુદામાલ મોબાઈલ ફોન પો.સ્ટે.ખાતે મુકી રાખવામાં આવે તો તે બગડી જાય તેમ છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું અરજદાર પાલન કરશે તેમજ સદર મોબાઈલ ફોન અરજદાર ટ્રાયલ નાં કામે જરૂર પડે રજુ કરવા તૈયાર છે. તેથી **નામદાર સુપ્રિમકોર્ટના એ.આઈ.આર. ૨૦૦૩, એ.સી.૬૩૮, સુંદરલાલ અંબાલાલ**નાં ચુકાદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત ને ધ્યાને લઈ અરજદારને મુદ્દામાલ મોબાઈલ ફોન પરત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.જે.ઠકકરની રજુઆત છે કે, આ કેસમાં અરજદાર/આરોપીએ સદર મોબાઈલ ફોનનો ગુના કામે ઉપયોગ કરેલ છે અને સદર મોબાઈલ પરત આપવામાં આવશે તો ફરીથી આવા કોઈ ગુનામાં ઉપયોગ

કરે તેવી શકયતા રહેલ છે અથવા અન્ય કોઈને વહેંચી દે તેવી શકયતા છે. તેઓની વધુમાં રજુઆત છે કે, તપાસ હજુ ચાલુમાં છે તેમજ અરજદાર/આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે સદર મોબાઈલ ફોન મહત્વનો પુરાવો હોઈ, સદર મોબાઈલ ફોન અરજદારને પરત આપવા સામે વાંધો ઉઠાવેલ છે. વધુમાં તેઓએ પોતાની રજુઆતના સમર્થનમાં તપાસ કરનાર અમલદારનો મુદામાલ પરત નહી આપવા અંગેનો રીપોર્ટ પણ રજુ કરેલ છે.

**૫.** ઉભય પક્ષકારોનાં વિ.વકીલશ્રીઓની રજુઆતો તેમજ, અરજદાર ની હાલની અરજી વંચાણે લીધી અને હાલની અરજીના કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરાયેલ વાંધાઓ ધ્યાને લીધા તેમજ હાલની અરજીનાં ન્યાયિક નિર્ણય માટે રજુ કરાયેલ પુરાવાઓ ધ્યાને લીધા. વિશેષમાં અત્રેની કોર્ટે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા સુંદરલાલ અંબાલાલનાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લીધા.

## <u>કા ર ણો</u>

**૬.** ઉપરોકત રેકર્ડ ઉપરનાં દસ્તાવેજી પુરાવા તેમજ આંક–૬ થી રજુ થયેલ તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં હાલના અરજદાર/આરોપી ધ્વારા માંગણી કરાયેલ મુદ્દામાલ મોબાઈલ ફોન ભુજ શહેર ''એ'' ડિવિઝન પોલીસ સ્ટેશન એ.ક્રમાંક ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૪૨૨૧૧૫૫૫/૨૦૨૧,એન.ડી.પી.એસ.એકટની કલમ–૮(સી),૨૦(બી), ૨૯ નાં કામે હાલના અરજદાર/આરોપી પાસેથી કબ્જે કરાયેલ છે. સદર હકીકતને ધ્યાને લેતાં હાલની અરજીનાં કામે અરજદાર તરફે માર્ક ૩/૨ થી રજુ કરવામા આવેલ મોબાઈલ ફોનના બિલની નકલ ધ્યાને રાખતાં સદર મુદ્દામાલ મોબાઈલ ફોન હાલના અરજદારની માલીકીની હોવાનું જણાય છે. આથી ***<u>નામદાર સુપ્રિમકોર્ટના એ.આઈ.આર.૨૦૦૩, એ.સી. ૬૩૮,સુંદરલાલ અંબાલાલ</u>***નાં ચુકાદામાં પ્રસ્થાપિત

થયેલ સિધ્ધાંત મુજબ મુદ્દામાલનાં તાત્કાલીક નિકાલ બાબતે પગલાં ભરવા અંગેનું સૂચન કરેલ છે અને લાંબા સમય માટે પો.સ્ટે.માં મુદ્દામાલ રાખી મુકવો એ બિનજરૂરી હોવાનું ઠરાવેલું છે. તે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર/આરોપી પાસેથી કબ્જે કરાયેલ મોબાઈલ ફોન તેને પરત આપવો અત્રેની કોર્ટને યોગ્ય જણાય છે.

૭. વધુમાં હાલનો હુકમ કરતી વખતે એ હકીકત નોંધવી મહત્વની છે કે, અરજદાર/આરોપી ધ્વારા માંગણી કરાયેલ મોબાઈલ ફોનનો ઉપયોગ આ કેસના ગુનાના કામે કરાયેલ હોવાનો આક્ષેપ છે. તે સંજોગોમાં જયારે હાલની અરજીના કામે સદરહુ મોબાઈલ ફોન અરજદાર/આરોપીની માલીકીનું હોવાની રજુઆત કરી મોબાઈલ ફોન પરત મેળવવા માટે હાલની અરજી કરેલ હોઈ, ટ્રાયલના કામે સદરહુ મોબાઈલ ફોનની માલીકી અંગે અરજદાર/આરોપી વાંધો ઉઠાવી શકશે નહીં. આમ,ઉપરોકત વિગતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧). અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨). સદર કામે પોલીસે કબ્જે કરેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મોડલ નં. ગેલેક્ષી એ-૩૨ની કિંમતથી દોઢી રકમનાં જામીન તથા જાતમુચરકા રજુ કર્યેથી અરજદારની ઓળખની ખાત્રી કરી અરજદારને સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન વચગાળાની વ્યવસ્થા તરીકે નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>** ૧). તપાસ કરનાર અધિકારીએ મુદ્દામાલ મોબાઈલ ફોનની સોંપણીનું પંચનામું તથા ફોટા પાડવાના રહેશે તેમજ પંચનામા તથા ફોટાઓ માં હાલનાં અરજદારની સહી લેવાની રહેશે.

૨). અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન કોર્ટની પરવાનગી

સિવાય કેસના આખરી નિકાલ સુધી કોઈને કોઈપણ રીતે વેચાણ, ગીરો,હસ્તાંતર કરવા,કરાવવા નહીં.

૩). અરજદારે સદરહુ મુદ્દામાલના રંગ, રૂપ બદલાઈ જાય તે રીતે તેમાં કોઈ ફેરફાર કરવો, કરાવવો નહીં તેમજ સદરહુ મુદ્દામાલની હાલની જે તે સ્થિતિ કેસના નિકાલ સુધી યથાવત રાખવી તેમજ સદરહુ મોબાઈલ ફોન નંબરમાં કોઈ જ ફેરફાર કરવો,કરાવવો નહીં.

૪). અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન આવા કે અન્ય કોઈ પણ પ્રકારના ગુન્હામાં કયારેય સંડોવવું નહીં.

૫). અરજદારે સદરહુ મુદ્દામાલ પોલીસ અધિકારી અથવા સક્ષમ અદાલત જયારે પણ ફરમાવે ત્યારે પોતાના ખર્ચે રજુ કરશે તેવું સોગંદ ઉપર અન્ડરટેકીંગ આપવાનું રહેશે.

૬). અરજદારે મુદામાલનાં જામીન તથા લગત બોન્ડ સંબંધીત પો.સ્ટે. ને રજુ કરવા.

૭). અરજદારે ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતના ભંગ બદલ સદર મુદામાલ અગર તો જામીનગીરીની રકમ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

૮). હાલની અરજીનાં કામે સદર મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારની માલીકીનું હોવાનું ઠરાવી પરત સોંપવાનો હુકમ કરાયેલ હોઈ, ટ્રાયલના કામે સદર હકીકત બાબતે અરજદાર/આરોપી કોઈ વિવાદ ઉભો કરી શકશે નહીં.

હુકમ આજ તા.૩૦મી, માહે:સપ્ટેમ્બર,સને.૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી,સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

સહી/-

**(ચિરાગ એમ. પવાર.)**
**(જી.જે ૧૫૪૩)**
**સ્પેશીયલ(એન.ડી.પી.એસ.)જજ,**
**કચ્છ-ભુજ.**